સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

સંબંધ માત્ર સત્તા સાથે, પ્રજાથી તો અળગે છે,
બેકારીમાં બફાય જિંદગી મોતને વળગે છે.
ભડકે છે માંધવારી, વિકાસ હજી વગડે છે,
કૌભાંડી ઈમારતોમાં અહીં ગરીબી સળગે છે...

હાઈકુ

ભૂખમરામાં,
રૂંધાય જાય શ્વાસ -
ભૂંજે જિંદગી...

ગરીબો ને તો,
સુખની નિંદ્રા પણ -
મળતી નથી!

ચિંતન

ઉપકારન્ સ્મરેન્નિત્વમ્, અપકારાંશ્ચ વિસ્મરેત્ ।
શુભે શૈઘ્યં પ્રકુર્વીત અશુભે દીર્ઘસૂત્રતા ॥

ઉપરોક્ત માણસે બીજાએ પોતાના પર કરેલા ઉપકારો સદા યાદ રાખવા અને કોઈએ કરેલા અપકારોને ભૂલી જવા. સારા કામમાં ઉતાવળ કરવી અને અશુભ ખરાબ કામ કરવામાં વિલંબ કરવો.

આજકાલ વ્યવહાર - સંસારમાં સ્વાર્થ-અનીતિ-દગો-ફટકો-જૂઠ એટલાં બધાં પ્રચલિત થઈ ગયા છે કે એ જ સાચો વ્યવહાર લાગે. માનવીનું આપસનું આવું વર્તન પણ એવું સ્વાભાવિક થઈ ગયું છે કે એમને દુઃખની લાગણી કે આઘાત લાગતાં નથી.

આજે મોટા ઔદ્યોગિક પરિવારની કટુતા કોર્ટ અને વર્તમાનપત્રોમાં ચર્ચાનો વિષય બને ત્યાં સુધી એમને કોઈ દુઃખ આઘાત લાગતો નથી. એ એટલું જ આશ્ચર્યજનક હોવા છતાં હવે વ્યવહારુ અને વાસ્તવિક લાગે છે.

ભાઈઓ કુટુંબ પરિવારમાં 'ત્યાગ'ની બલિદાન અને સેવાની ભાવના હવે લુપ્ત થઈ ગઈ છે. આના પાયામાં માણસ 'કૃતઘ્ની' થયો તે છે. આજકાલ પુત્રો મા-બાપને વૃદ્ધાશ્રમમાં મૂકી આવે છે જાણે ધાવણ છૂટ્યું નથી ને સંબંધ તૂટ્યો નથી.

સુવિચાર

- શિક્ષિકા પોતાના બાળકને ઘરે રડતું મૂકીને સ્કૂલે રડતાં રડતાં આવેલા બીજાના બાળકોને પળવારમાં હસાવે તેને ઓસ્કાર નહીં પણ 'ઓમકાર વિનિંગ પરફોર્મન્સ' કહેવાય - **પારસકુમાર**
- ભ્રમણાઓની એક માત્ર મઝા એ છે કે એ તૂટે છે ત્યારે જ જાણ થાય છે કે એ ભ્રમણા હતી - **જીવનપાથેય**
- જો તમે પરલોકની આશા કરે છે, તો ખ્યાતિ, લાભ, પૂજા, સત્કાર આદિને શા માટે ચાહે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જેમ મોતી સમુદ્રની ઊંડાઈમાં, છીપની અંદર પાકે છે, તેમ મનુષ્યની કીર્તિ કબરમાં પાકે છે - **લેન્ડોર**
- જે અર્થશાસ્ત્રી વ્યક્તિ કે દેશની નૈતિક સુખાકારીને નુકશાન પહોંચાડે છે તે અનૈતિક છે અને તેથી પાપી છે - **ગાંધીજી**
- પુષ્પની પાંદડીઓ ચૂંટી લઈને આપણે તેનું સૌંદર્ય ભેગું કરી શકતો નથી - **મુંબઈ સમાચાર**
- આજનું ઔષધ : મૂઢ માર વાગ્યો હોય તો તેના પર લોહચૂંબક બાંધી દેવાથી તરત રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

એક અંગ્રેજી સાહિત્યના જાણકાર સાથે માતૃભાષાને ગુજરાતીને પણ એટલું જ સરસ માન સન્માન મળે. બંને ભાષાના સાહિત્યને ઊંડાણપૂર્વક વાંચે. ઘરમાં વૃદ્ધ માતા-પિતાની સેવા કરવા માટે કયાંય નોકરી સ્વીકારી નહોતી. આસપાસ પડોશમાં રહેતા બાળકોને પ્રાઈવેટ ટ્યુશનમાં ભણાવે અને જીવન ગુજારો કરે છે. એક માર્ગ અકસ્માતમાં નાના ભાઈનું એ પતિ-બાળકોનું મૃત્યુ થયું. આ દુઃખક ઘટના બાદ વૃદ્ધ મા-બાપને સાચવાના હતા. એટલે શાળાની નોકરી છોડી - માતાપિતાની સેવામાં લાગી ગયા. તેઓ કઠિન પરિસ્થિતિમાં પણ કાયમ હસતા રહેતા. પોતાના વિદ્યાર્થીઓ સાથે ધમાલ કરતા, કવિતા વાંચતા... ખુશીનો પટારો કાયમ ખુલ્લો જ રાખતા. એમની પાસે આવતા એક વિદ્યાર્થીએ એમને પૂછ્યું, 'સાહેબ, આટલી બધી જિંદગીની વિટંબણાઓ વચ્ચે તમારામાં આટલી બધી હિંમત અને આત્મબળ કયાંથી આવે છે?' સાહેબે પોતાની રૂમની દિવાલ પર એક કબાટમાં એક પુસ્તક કાઢ્યું એ પુસ્તક અર્નેસ્ટ હેમિંગ્વેનું લખેલું, 'ઓલ્ડ મેન એન્ડ ધ સી' હતું એમાનું એક વાક્ય એમણે એક સરસ ફ્રેમમાં મઢીને દિવાલ પર લગાવેલું હતું. તે વાક્ય હતું, 'Man can be Destroyed, Not Defeated' - માણસનો નાશ કરી શકાય, તેને હરાવી ન શકાય. સાહેબે વિદ્યાર્થીને સમજાવતા કહ્યું, 'આ મહાન લેખક આ વાક્ય પોતાની કથામાં જીવનમાં દુઃખોથી ઘેરાયેલા વૃદ્ધ માછીમાર પાસે બોલાવે છે, આ વાક્ય મને અદમ્ય આત્મબળ પૂરું પાડે છે.' વિદ્યાર્થીને સાહેબના આત્મબળનું રહસ્ય સમજાઈ ગયું.

નાગરિકતા સુધારા બિલની આવશ્યકતા

તંત્રીસ્થાનેથી...

નાગરિકતા અંગેનું સુધારા બિલ વિપક્ષોના વિરોધથી અટકવાનું નથી. એ તો અગાઉની મોદી સરકારના શાસનકાળ દરમિયાન જ લોકસભામાં પસાર થઈ ગયું હતું અને હવે તો ઉપલા ગૃહમાં પણ શાસક ગઠબંધન પાસે પૂરતી સભ્યસંખ્યા છે. અકારણ જ બંધારણ અને ગાંધીના હવાલા આપીને કોંગ્રેસ સહિતના વિપક્ષો હિંદુ બહુમતીના જનમાનસમાં અપ્રિય બની રહ્યા છે. ઓવૈસી અને રાહુલ ગાંધી એક જ ભાષા બોલે ત્યારે હિંદુ બહુમતીમાં કેવો સંદેશો જશે ? અમિત શાહ આ બિલ રજૂ કરીને ભારતના ઈતિહાસમાં સીમાચિહ્નરૂપ નેતા સાબિત થઈ રહ્યા છે એની સમજણ જ પડતી નથી. ગાઈવગાઈડને શાહ કહે છે કે કોંગ્રેસે ધર્મના નામે દેશનું વિભાજન ન સ્વીકાર્યું હોત તો આ બિલ લાવવાની જરૂર જ ન ઊભી થઈ હોત. દેખીતુ છે કે નાછૂટકે પંડિત જવાહરલાલ નહેરુ, સરદાર પટેલ અને રાજેન્દ્ર પ્રસાદ સહિતના તત્કાલીન કોંગ્રેસી મહારથીઓએ મહમદ અલી ઝીણાની જીદ આગળ નમતું જોખી એમને ધર્મના નામે અલગ દેશ આપી દેવાનો નિર્ણય સ્વીકાર્યો હતો. ગાંધી તો આવા નિર્ણયના કટ્ટર વિરોધી હતા. પોતાના દેહના બે ટુકડા થાય તે એમને મંજૂર હતું - ત્યાં સુધી એ દેશના ટુકડા થવા દેવા નહોતા માગતા. પણ આઝાદી મળી ગયા પછી ગાંધી સદંતર અપ્રસ્તુત બની ગયા હતા અને સરદાર પટેલ સહિતના કોંગ્રેસીઓને અંગ્રેજો કોઈ પણ શરતે ટળે તથા પોતાની સરકાર રચાય એમાં રસ હતો. લાખો હિંદુઓની તત્કાલીન પૂર્વ અને પશ્ચિમ પાકિસ્તાનમાં ક્રૂરતાપૂર્વક કત્લેઆમ થઈ હતી અને ગાંધીની અહિંસાને ઐતિહાસિક લપડાક મળી હતી. લઘુમતીઓના હક્કો અને સંરક્ષણ અંગેના બે દેશોના વડાઓ વચ્ચેના કરારનું ભારતે તો ઈમાનદારીપૂર્વક પાલન કર્યું હતું - પણ પાકિસ્તાને એનો છેદ ઉડાડી દીધો હતો. પરિણામે પાકિસ્તાનમાં હિંદુ લઘુમતીને જીવતા રહેવા માટે કાં તો ઈસ્લામ અંગીકાર કરવો પડ્યો હતો અથવા નાસીને ભારતમાં આશ્રય લેવો પડ્યો હતો. એવા બે નરાશ્રિત પરિવારનોનાં ફરજંદ ભારતમાં ટોચની રાજકીય હસ્તીઓ બની શક્યાં હતા. લાલકૃષ્ણ અડવાણી નાયબ વડાપ્રધાન પદ સુધી અને ડૉ. મનમોહનસિંહ વડાપ્રધાન પદ સુધી પહોંચી શક્યા હતા. પાકિસ્તાને તો તાજેતરમાં જ ઠરાવ કર્યો છે કે કોઈ પણ બિનમુસ્લિમ દેશના સર્વોચ્ચ પદ સુધી નહીં પહોંચી શકે. અફઘાનિસ્તાનની સરહદ આઝાદ કાશ્મીરને અડીને છે. પાકિસ્તાન, અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ કે શ્રીલંકા જેવા પાડોશી રાષ્ટ્રમાંથી ભારતમાં આશ્રય લેવા આવનાર બિનમુસ્લિમ પ્રજાને ભારતીય નાગરિકતા આપવી તે ભારતનો રાજધર્મ અને રાષ્ટ્રધર્મ છે. આ બિલનો વિરોધ કરનાર વિપક્ષો હાથે કરીને કાયમને માટે વિપક્ષમાં રહેવાનો જ માર્ગ પ્રશસ્ત કરી રહ્યા છે. ઉત્તરપૂર્વની ખ્રિસ્તી પ્રજા બાંગ્લાદેશથી હિજરત કરીને આવેલ હિંદુઓને નાગરિકતા નહીં આપવાના પક્ષમા છે. પરંતુ એથીસ્તો એ આખો પ્રદેશ ભારતથી કટ-ઓફ થઈ ગયો હોય એવું લાગે છે. ત્યાં પ્રવેશવા માટે પણ ઈનર પરમીટની જરૂર પડે છે જે રદ કરવાની ખુદ મોદી સરકારમાં હિંમત નથી. જેમ નાગરિકતા સુધારા બિલ પાછળ હિંદુ બહુમતીને રાજી કરવાનો ખુલ્લો એજન્ડા છે એમ ઉત્તરપૂર્વમાં પગપેસરો કરવા માટે મણિપુર જેવા રાજયમાં જયા ઈનર પરમીટ નહોતી ત્યાં ઈનર પરમીટ દાખલ કરી ભારતીય જનતા પાર્ટીની સરકારે એનો રાજકીય વ્યૂહ જ સ્પષ્ટ કરી દીધો છે. હિંદુસ્તાન પર સ્વાભાવિક રીતે જ હિંદુ પ્રજાનો પ્રથમ અધિકાર હોવો જોઈએ. એમાં હિંદુસ્તાન ઈઝરાયેલ બની જશે એવો ભય રાખવાની જરૂર નથી.

ખુબ કામ હોવાનું બહાનું હવે મહામંત્ર સિદ્ધ થઈ રહ્યુ છે

નવાં કલેવર
નટવર હેડાઉ

સવારના ૧૦.૩૦ નો સમય હતો. ઓફિસમાં તે આવ્યા. પટ્ટાવાળો પાણીનો ગ્લાસ ભરી આવી ગયો. મેં પાણી ગટગટાવી ગયા. લંચબોક્ષ કાઢી ટેબલના ખાનામાં મુક્યું. કેલેન્ડર તરફ જોયું. પછી ચશ્મા કાઢી સાફ કર્યા. પેન ખિસ્સામાં હતી. એટલામાં ટેબલ પરનો ફોન રણક્યો. ફોન ઉપાડી કોઈ સાથે વાત શરૂ કરી. લગભગ દશેક મિનિટ વાત ચાલી.

તે દરમિયાન એક વ્યક્તિ તેમની કેબિનમાં આવી. તેમને તેની સામે જોવાની બિલકુલ ફૂરસત ન હતી. કબાટના ખાનામાંથી બે ફાઈલો કાઢી તેના પાનાં ઉથલાવવા લાગ્યા. ત્યાં સુધીમાં પટાવાળાનો પ્રવેશ થયો. આજની ટપાલની ફાઈલ ટેબલ પર મુકી એ જતો રહ્યો. કેબીનમાં આવેલ વ્યક્તિ આમતેમ જોતો હતો. પંખો ફરતો હતો. ટ્યુબ લાઈટ ઝગમગી રહી હતી. સાહેબ ફાઈલમાં મોં નાંખી કંઈક વાંચવામાં અને પાનાં ફેરવવામાં વ્યસ્ત હતા. ઑફિસનું કામકાજ ચાલુ હતું.

પેલા વ્યક્તિની ધીરજ ખૂટી. તેણે ધીમે રહીને કહ્યું, 'સાહેબ.'

'કોણ ?'

'એ તો હું'

'હું કોણ તમે અંદર કેવી રીતે આવ્યા ?'

'દરવાજેથી...'

સાહેબને આ વાત ન ગમી. તેમણએ બેલ મારી, પટવાળો અંદ આવ્યો.

'આ ભાઈ કોણ છે? તેને અંદર કોણે આવવા દીધા.' સાહેબનો ગુસ્સો પટાવાળા પર ઉતર્યો.

'સાહેબ હું ટપાલની ફાઈલ આપવા આવ્યો ત્યારના એ અહીં ઊભાં છે.'

'સારું... સારું... બોલો શું કામ હતું ?' પેલા વ્યક્તિ સામે જોઈ સાહેબે પૂછ્યું.

'સાહેબ, ગયા અઠવાડિયે આવેલો ત્યારે આપે કહેલું કે સોમવારે આવજો. આજે સોમવાર છે.'

'ભાઈ, મારે ઘણાં કામ છે. તમારા કામમાં વાર લાગશે પછી આવજો.'

'પણ કયારે ?'

'ઓહ, નો... તમે સમજતા કેમ નથી.' સાહેબનો ગુસ્સો ફૂટી પડ્યો. પેલો વ્યક્તિ ચૂપચાપ બહાર નીકળી ગયો. તે પછી બે-ત્રણ માણસો પોતાના કામ અંગે પૂછવા આવ્યા. તેમણે કહ્યું ખુબ કામ છે... ખુબ કામ છે. થોડા દિવસ રાહ જુઓ. તે ચાલ્યા ગયા. બીજા આવ્યા. ફરી એ જ વાત.

ચાર પાંચ વાર ચ્હા પીધી. ગુટકા મસળ્યા, સિગારેટના કસ લીધા. અને પછી બપોરે લંચ.

લંચ પછી આળસ આવતાં ફરી ચ્હાની ચૂસ્કીઓ નો દૌર ચાલ્યો. લોકો પોતાના કામ માટે આવતા ગયા. જનાબ ખુબ કામ છે નો રાગ આલાપતા રહ્યા. સાંજની ચ્હા આવી. અને જોતજોતામાં છ વાગી ગયા.

કોઈ પણ જાતના કામ વગર ખુબ જ કામ છે નો રામબાણ ઈલાજ ખુભ કામ આવે છે અને સાહે દિવસ પૂરો કરીને ઘેર પાછા ફરે છે.

કામ નહીં, પણ ખુબ કામ હોવાનું બહાનું હવે મહામંત્ર સિદ્ધ થઈ રહ્યુ છે. કામથી વધુ મહત્ત્વનું છે કામનું નામ. બસ એ નામે ઓફિસ ચાલ્યા કરે છે.

સ્નેહીજનની શુભનિષ્ઠાને ધ્યાનમાં લઈએ, નહીં કે તેમના વિવેકભાનને

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

(ગતાંકથી ચાલુ)

બે કુટુંબો વચ્ચે બનેલી એક ઘટના યાદ આવે છે. બે કુટુંબ. બંને કુટુંબ વચ્ચે નિકટનું કૌટુંબિક સગપણ. બંને કુટુંબ એકબીજાથી લગભગ સોએક કિલોમીટરનાં અંતરે જુદા જુદા શહેરોમાં વસે. વર્ષોથી એટલે કે લગભગ બે પેઢીથી આ બંને કુટુંબો વચ્ચે પ્રસંગોપાત એકબીજાને ત્યાં આવવા-જવાનો સંબંધ. બધા જ પ્રકારના સારા-નરસા પ્રસંગે બંને કુટુંબનાં સભ્યોની એકબીજાને ત્યાં હાજરી અચૂક રહે અને તે પણ સહકુટુંબ. ક્યારેક તો સ્નેહી સંબંધી સહિત સાગમટે હાજરી હોય અને એ હાજરીથી બંને કુટુંબને આનંદ થાય. કોઈ પ્રસંગે એક-બે સભ્ય ગેરહાજર હોય તો પૂછપરછ પણ થાય કે તેઓ કેમ ના આવ્યા? આ પ્રથા, આ વ્યવહાર, બંને કુટુંબોએ ઘણા વર્ષોથી નિભાવી-ટકાવી રાખ્યો હતો.

થોડા સમય પહેલા બન્યું એવું કે એ બેમાંથી એક કુટુંબમાં લગ્ન પ્રસંગ દીકરાના હતો. લગ્ન એટલે સ્વાભાવિક રીતે જ બહારગામ જાન લઈ જવાની હતી. સામેના સ્નેહીજનનાં કુટુંબમાંથી એક વ્યવહાર મુજબ કુટુંબના બધા જ સભ્યો લગ્નમાં ઉપસ્થિત રહેવા માટે પધાર્યા. એ કુટુંબના બધા જ સભ્યો મળીને લગભગ બાર-તેર સભ્યો હતા. આટલા બધા સભ્યોને જોઈને યજમાન કુટુંબની મૂખ્ય વ્યકિતને થોડો આંચકો લાગ્યો, કારણકે તેને જાનમાં મર્યાદિત વ્યકિતઓને જ લઈ જવાના હતા અને તેમણે એ જ પ્રમાણે બધી વ્યવસ્થા કરી હતી. મહેમાન કુટુંબ લગ્નસ્થળે પધાર્યું એ જ સમયે એ લોકોને સાગમટે આવેલા જોઈને યજમાન પોતાની જાત ઉપર સંયમ ના રાખી શક્યા અને તુરત જ પ્રત્યાઘત આપતા મહેમાન કુટુંબની મુખ્ય વ્યકિતને કહ્યું કે ''તમે આટલા બધા લોકો લગ્નમાં આવવાના હતા તો પહેલીથી જાણ તો કરવી હતી.'' યજમાનની પ્રતિક્રિયા જોઈને મહેમાન કુટુંબનાં સભ્યો તો અવાચક જ થઈ ગયા. તેમને કાપો તો લોહી નાં નીકળે એવી હાલત થઈ ગઈ. તેમને આઘાત લાગ્યો. છેવટે યજમાનને ખબર ના પડે એમ, તેમને કહ્યા વિના તેમનાં કુટુંબનાં મોટાભાગનાં સભ્યો એક-બે કલાકમાં જ ત્યાંથી રવાના થઈ ગયા. પ્રસંગે હાજરી પુરાવવા પૂરતા એકાદ-બે સભ્યોઓ ત્યાં રહ્યા.

તાજેતરમાં સત્ય ઘટના પર આધારીત એક સુંદર ફિલ્મ રીલીઝ થઈ છે. એ ફિલ્મ છે 'સાંઢકી આંખ' એ ફિલ્મનુ એક સુદર દ્રશ્ય છે. ફિલ્મના મુખ્ય પાત્રો પ્રકાશી તોમર (તાપસી પન્નું) અને ચંદ્રો તોમર (ભૂમી પેંડેકર) બન્ને ઉત્તર પ્રદેશના એક છેવાડાના નાના ગામડામાં રહેતી અભણ મહિલાઓ. બન્ને સંબંધે દેરાણી જેઠાણી અને બન્ને એક જ સંયુક્ત કુટુંબમાં સાથે રહે. બન્ને મહિલાઓ સાઈઠની ઉમર વટાવી ચૂકી હતી. બન્નેએ સાઈઠની ઉમર પછી શૂટીંગ શીખવાનું શૌ કરું હતું અને શાર્પ શૂટર બની ગઈ હતી. તેમણે ઘણી પ્રતિયોગિતાઓ જીતેલી. તેમણે એક હરીફાઈમાં અલવરનાં મહારાણી મહેન્દ્ર કુમારીને (નિખાન્ત ખાન) પણ હરાવેલા. મહારાણી બન્ને મહિલાઓની કુશળતા અને હિમ્મતથી પ્રભાવિત થયા હતા. તેઓ રાષ્ટ્રીય શૂટિંગ એસોસિયશનનાં પ્રમુખ પણ હતા. બન્ને મહિલાઓની પૌત્રીઓ સીમા તોમર (પૃથા બક્ષી) અને શેફાલી તોમર (સારા અર્જુન) એક રાષ્ટ્રીય કક્ષાની શૂટીંગ પ્રતિયોગિતામાં વિજેતા બને છે. ત્યારે અલવરના મહારાણા પોતાના રાજભવનમાં ખેલાડીઓને એક પાર્ટી આપે છે અને બન્ને મહિલાઓને મુખ્ય મહેમાન તરીકે નિમંત્રણ આપે છે. તોમર વહુઓ ગામડાની અભણ મહિલાઓ હોય રાજઘરાનાના રીતરિવાજો કે આ પ્રકારની પાર્ટીઓમાં પાલન કરવાના હોય એવા એટિકેટ કે મેનર વિષે ખ્યાલ ન હતો. પાર્ટીની ઔપચારિકતા પૂરી થયા પછી ભોજન માટે મહારાણી, મહારાજા, સૌ મહેમાનો સાથે તોમર મહિલાઓ પણ વિશાળ ડાઈનીંગ ટેબલ ઉપર બેઠી હોય છે. ભોજન પૂરું થાય છે પછી સૌને હાથ ધોવા માટે દરેકના ટેબલ ઉપર 'ફિંગર બાઉલ' મુકાય છે. ફિંગર બાઉલમાં પાણીની સાથે લીંબુ હોય. એ બન્ને દાદીઓ તેને લીંબુપાણી માનીને પીવા લાગે છે. આ હરકત મહારાણીનાં ધ્યાનમાં આવે છે.

મહારાણીને પૂરતો ખ્યાલ હતો કે આ બંને મહિલાઓ ગામડાની છે, અશિક્ષિત છે અને તેની પાસે આ પ્રકારના એટિકેટ ના હોય તે સ્વભાવિક છે. એ સમયે મહારાણી પોતાના ચહેરા ઉપર કોઈ જ પ્રકારના અણગમાનાં ભાવ દર્શાવ્યા વિના પોતે પણ 'ફિંગર બાઉલ' હોઠે લગાડીને એ લીંબુ પાણી પીવા લાગે છે. મહારાણીને ફિંગર બાઉલમાથી લીંબુ પાણી પીતા જોઈને મહારાજા પણ પરિસ્થિતી સમજી જાય છે અને પોતે પણ મહારાણીની જેમ જ પોતાનું બાઉલ મોઢે લગાડે છે. મહારાણી અને મહારાજને જોઈને ડાઈનિંગ ટેબલ બિરાજેલા સૌ મહેમાનો પણ એ બન્નેને અનુસરે છે. આમ યજમાન મહારાણી અને મહારાજ પોતાના વ્યવહાર એન વર્તન દ્વારા પોતાના મહેમાનોને ભોઠાં પડતાં અને કફોડી પરિસ્થિતીમાંથી સાંગોપાંગ બચાવી લે છે અને એક રજવાડાને શોભે એવી સૌજન્યતા દાખવે છે.

અમિતાભ બચ્ચન, લગ્નમાં મહેમાન બનીને ગયેલું પેલું સહકુટુંબ અને સાંડ કી આંખની બે મહિલાઓઓની જેમ ઘણીવાર સ્નેહીઓ, સંબંધીઓઅને મિત્રો કોઈપણ કારણસર વિવેકભાન ચૂકી જતાં હોય છે. ક્યારેક અતિ ઉત્સાહ, એટિકેટ અને મેનરનું અજ્ઞાન, ક્યારેક તો ક્યારેક આપણી સાથેના ગાઢ સંબંધો તો ક્યારેક આપણાં પ્રત્યેની લાગણી અને પ્રેમની અભિવ્યક્તિ ને કારણે સ્નેહીઓ અને સંબંધીઓ વિવેકભાન ભૂલી જતાં હોય છે. પોતાની ભૂલનો તેમણે અહેસાસ થાય છે ત્યારે તેઓ અપરાધભાવ પણ અનુભવતા હોય છે. એ સમયે આપણી ફરજ બને છે કે વિવેકભાન ભૂલેલા સંબંધીઓને અપરાધભાવની લાગણી ના થાય એવું આપણે વર્તન કરવું.

વિવેક કે એટિકેટ અને મેનર એ સાપેક્ષ છે. તેને લગતા કોઈ નિયમો લખેલા નથી હોતા. એ પરિસ્થિતી ઉપર આધાર રાખે છે આપણે પણ જો સંબંધીઓના વર્તનને પરિસ્થિતી પ્રમાણે તેને મૂલવીએ અને એ જ પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો અને તો જ આપણે તેમની સથે સદવ્યવહાર કરી શકીએ.

આપણી સાથે જ્યારે જ્યારે આપણી સાથે કોઈ સ્નેહી સંબંધી પ્રકારનું વર્તન કે વ્યવહાર કરે છે ત્યારે તેને ઈરાદાઓ ઉપર શંકા કરવાને બદલે તેઓની નિષ્ઠાને ધ્યાનમાં લઈએ અને એ મુજબ આપણે તેમની સાથે વર્તન કરીએ તો તેઓને કોઈ જ પ્રકારની ભોંઠપ નહીં અનુભવવી પડે. વિવેકભાનનો ઉપયોગ ના કરીને આપણને હેરાન પરેશાન કરવાનો મહેમાનોનો કોઈ જ પ્રકારનો ઈરાદો નથી હોતો. હોય છે તો માત્ર અને માત્ર આપણાં પ્રત્યેની તેઓની શુભનિષ્ઠા અને આપણાં પ્રત્યેનો તેમનો લગાવ.

આપણાં સંબંધીઓની આબરૂ સાચવવી જ્યારે આપણાં જ હાથમાં હોય ત્યારે કોઈપણ સંજોગોમાં તેમની આબરૂને બટ્ટો ના લાગે, તેમને ભોઠપ અનુભવવી પડે, તેમને સંકોચ ના થાય તેની જવાબદારી આપની જ હોય છે. એ જવાબદારીને સુપેરે નિભાવીએ તો દિવ્ય સંબંધો વધારે દિવ્યતા પ્રાપ્ત કરી શકે.

લાંબા ગાળાની લોન સાથે સંલગ્ન પ્રશ્નો અને ઉપાયો

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

આજની ઈન્ટરનેટ વાળી ઝડપી દુનિયામાં પરિવર્તન એટલા બધા ઝડપી થયા છે કે માનવ કાર્યપ્રથા ત્યાં હારી ગઈ છે, માનવીય કાર્યો અને નિર્ણાયકતામાં સર્વત્ર વિલંબ અને ઢીલાશ જોવા મળે છે. નાણાનું સ્થાન ટોચ ઉપર જ રહ્યું છે જે કમાણી કરે એ જ સર્વગુણ સંપન્ન થઈ જાય છે એટલે નીતિમત્તા મરી ગઈ છે! ધંધો કરો, ઉદ્યોગ કરો, કૃષિ કરો કે કંઈ પણ પ્રવૃત્તિ કરો તેમાં નાણાં નથી તો કંઈ જ ના થઈ શકે એ પ્રકારનું વિશ્વ હવે સંવેદના હિન થો થયું સાથે યાંત્રિકીકરણ જેવું ભાવશૂન્ય થયું છે. વેપારમાં ચાલુ મૂડી (વર્કિંગ કેપીટલ) ની જરૂરિયાતમાં જે કંઈ કમી ઊભી થાય તે નાણાંકીય સંસ્થાઓ એટલે કે બેંકો પૂરી પાડે છે. તે સમયે એકમના ટ્રેક રેકોર્ડઝ, વેચાણ, નફાનું પ્રમાણ, પ્રવાહિતા, ઋણ કે બાહ્ય દેવું, ચીજવસ્તુનું ભાવિ અને પ્રમોટર્સની લાયકાત, અનુભવ, શિક્ષણ વગેરેને ધ્યાનમાં લઈને આપવામાં આવે છે. પ્રોડક્ટસની ઉપયોગિતા, પ્રોફિટેબીલીટી, પોલિસીઝ ઓફ આર.બી.આઈ એન્ડ ગર્વનમેન્ટ પરફોર્મન્સ, પોસ્ટ ટ્રેન્ડ ઈત્યાદિ મહત્ત્વના મુદ્દાઓ બેંકો જરૂરથી તપાસે કે ચકાસે છે. ચાલુ મૂડીની જરૂરિયાત તપાસવાની પદ્ધતિ છે જેમાં યોગ્ય રકમની મંજૂરી થાય તે સુનિશ્ચિત કરવાનો હેતુ છે. લાંબાગાળાની લોન એટલે તર્મ લોન જેવું હપ્તાઓમાં વસૂલ લેવાનું આયોજન હોય છે. ટર્મ લોન કૃષિ હેતુ માટે, ઉત્પાદકીય એકમો શરૂ કરવા, મકાન કે વાહન ખરીદવા જેવા હેતુઓ હોય છે. આ પ્રકારની લોન મંજૂર કરતી વખતે સર્વ સામાન્ય ધ્યાનમાં લેવાતા તત્ત્વો નીચે મુજબના છે :

(૧) લોકેશન અને માળખાકીય સવલતો :

નવા પ્રોજેક્ટને લાયક સ્થળ અનુકૂળ છે કે નહીં ? સ્થળની સાથે માળખાકીય સુવિધાઓ અર્થાત્ ત્યાં બારમાસી રસ્તા, પાણી, પાવર સપ્લાય, બજારની સમિપતા, શ્રમિકોની પ્રાપ્તિ, બેન્કો, વગેરે જરુરત મુજબ મળી શકશે - આ મુદ્દાઓ કે જે ઉત્પાદન અને ઉત્પાદકતા અંદાજવામાં આવ્યા છે તેની સાથે પ્રત્યક્ષ રીતે જોડાયેલા છે. કોણ પણ એકની કમી પૂરા પ્લાન્ટને બિમાર પાડી શકે છે. ઉદ્યોગ શરૂ કરતા પહેલા સરકારની જરૂરી પરવાનગી કે એપ્રુવલ્સ પણ મહત્ત્વની ગણાય છે. પ્રદૂષણ વ્યાપે તેવા પ્રકારના ઉત્પાદનમાં સરકારનાં પ્રમાણપત્ર વિના પ્લાન્ટ શરૂ પણ કરી શકાય નહીં. ઢાંચાગત સુવિધાઓ નહીં હોય તો કોસ્ટ ઓફ પ્રોડક્શન અંતે વધી જાય છે. જમીન અને તેનું માલિકીપણું કાયદાકીય રીતે યોગ્ય છે તે પ્રથમ તપાસવું પડે છે.

(૨) પ્લાન્ટના તથા મશીનરીના સપ્લાયર્સ અને ગુણવત્તા :

નવી જે કોઈ મશીનરી, સાધનો, ઓજાર અને પ્લાન્ટ લાવવામાં આવશે તેની ગુણવત્તા, કાર્યગતિ, ઉપયોગિતા, આધુનિક પ્રકાર અને તેના ઉત્પાદકો કોણ છે ? આ બધું ભાવપત્રક ઉપરથી ચકાસવું પડે છે. ભૂતકાળમાં આવી જે મશીનરી આપવામાં આવી હતી ત્યાં પ્લાન્ટ સફળતાથી ચાલ્યા હતા કે નહીં - તેની તપાસ બેન્કો અવશ્ય કરતી હોય છે. ઝડપી યુગમાં પ્લાન્ટ કયાં સુધી સક્ષમ રહી શકશે તેનો અંદાજ મૂકવામાં આવે છે. કરોડોના પ્લાન્ટ લેવામાં એકમો ઘણી વાર છેતરપીંડી પણ કરી જાય છે.

(૩) ફેક્ટરી બિલ્ડીંગ અને અન્ય સાધનો :

એકમને જો પ્લાન્ટ નવો શરૂ કરવાનો હોય તો ફેક્ટરી બિલ્ડીંગ પણ લોન સહાયની ઊભું કરવાની ધારણા હોય શકે. આ હેતુ માટે મુખ્યત્વે સ્થળ, કિંમત, જમીનનો પૂર્ણ અને યોગ્ય માલિકી હક્ક, ચણતર કામનું પ્રમાણ અને તેના ખર્ચનો દર જે તે સ્થળના સંદર્ભમાં તપાસવો પડતો હોય છે. કમ્પાઉન્ડ વોલ અને તેનો ખર્ચ કેટલો ? કેટલા સમયમાં બાંધકામ પૂર્ણ થશે એની સમય મર્યાદા ચકાસવી જ પડે છે કેમ કે વિલંબ થાય તો ખર્ચ વધી જાય છે. ફેક્ટરીમાં અંદર પ્રકાશનું પ્રમાણ તથા લાઈટનું સંયોજન, સ્થાયી ફિટિંગ્સ, ડેકોરેશન, ફર્નિચર અને અંદાજીત ખર્ચ કેટલો એ પણ ધ્યાને લેવામાં આવે છે. બાંધકામ ને ભાવિ વિકાસ અને પ્રગતિના દૃષ્ટિકોણથી કરવાનું ધ્યેય ઉમદા માનવામાં આવે છે. આ બધા કામમાં વકીલોની અને ચાર્ટર્ડ એન્જીનીયર્સની મદદ લેવામાં આવતી હોય છે. લોન મંજૂર કરતા પહેલાની જાત તપાસ રિપોર્ટ અનિવાર્ય છે.

(૪) પ્લાન્ટના અંદાજિત ભાવિ સરવૈયાનું વિશ્લેષણ અને અનુમાન :

ટર્મ લોન મંજૂર કરતા પહેલા બેન્કો પ્રોજેક્ટ રિપોર્ટ માંગે છે. જેમાં બધી જ વિગતો આવરી લેવાય છે. નાણાંકીય રીતે કોસ્ટ ઓફ પ્રોજેક્ટ અને મિન્સ ઑફ ફાઈનાન્સની શિર્ષક મુજબ નોંધ હોય છે. મતલબ કે ખર્ચા અને તે માટે નાણાં કયાં કયાંથી મેળવવામાં આવશે તેનો ઉલ્લેખ હોય છે. પાંચથી પંદર વર્ષના અંદાજીત સરવૈયા બનાવવામાં આવ્યા હોય તેનો અભ્યાસ કરવો પડે છે. નવા પ્લાન્ટની નિર્ધારિત ક્ષમતા (ઈન્સ્ટોલ કેપેસીટી) તેના વપરાશની ટકાવારી (કેપેસીટી યુટીલાઈઝેશન) પ્રતિ વર્ષ મૂકેલો વેચાણ/ઉત્પાદનનો અંદાજ, ખર્ચાઓનું વ્યાજબીપણું - ઋણ પરત કરવાની ધારણાયુક્ત સક્ષમતા (ડેબ્સ સર્વિસ કવરેજ રેશિયો) અને કુલ નફાકારકતા ઉપર આ બધાની શું અસર થશે તે અવશ્ય રીતે ચકાસવામાં આવે છે. એક બાજુ વર્ષવાઈઝ નફો વત્તા ઘસારાની રકમ (કેશ એકુઅલ્સ) અને તેની સામે લોનના હપ્તા તથા વ્યાજની વાર્ષિક ચુકવણીની રકમને ધ્યાને લેવામાં આવે છે.

પ્રોજેક્ટેડ બેલેન્સશીટ ઉપરથ